For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

ટેક્સ સુરતીઓ ભરે, ખર્ચો SMC કરે છતાં સુરતના મેડિકલના વિદ્યાર્થીને ઠેંગો

# સ્મીમેરની 250માંથી સુરત માટે માત્ર 70 સીટ

**સીટો** 100થી વધીને 250 થઈ છતાં સુરતનો ક્વોટા 75 પર યથાવત

**હાઇકોર્ટના** 85% ક્વોટા પછી પણ આજે માત્ર 28% જ હિસ્સો રહ્યો છે

સુરતઃ સુરત શહેરમાં આવેલી સુરત મહાનગર પાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પિટલ (SMIMER) માં એમબીબીએસની સીટોની ફાળવણીને લઈને સુરતના લોકલ વિદ્યાર્થીઓ સાથે અન્યાય થતો હોવાના આક્ષેપો ફરી ઉઠવા લાગ્યા છે. સુરતીઓના ટેક્સના પૈસાથી ચાલતી આ હોસ્પિટલમાં આજે 250 એમબીબીએસ સીટો હોવા છતાં માત્ર 70 સીટ જ સુરતના વિદ્યાર્થીઓ માટે ફાળવવામાં આવતી હોવાને કારણે અસંતોષ ફેલાયો છે.

સ્મીમેર હોસ્પિટલ વર્ષ 2001માં શરૂ થઈ ત્યારે એમબીબીએસની કુલ 100 સીટમાંથી 100 સીટ

...અનુસંધાન પાના ૧૩ પર

### સ્મીમેરમાં MBBS સીટોની ફાળવણી

| વર્ષ | કુલ સીટ | સુરતની સીટ |
|---|---|---|
| 2001 | 100 | 70 |
| 2009 | 150 | 70 |
| 2019 | 200 | 70 |
| 2021-22 | 250 | 70 |

### સુરતીઓના અન્યાય સામે કેમ કોઈ બોલવા તૈયાર નથી?

સ્થાનિક વાલીઓ અને શૈક્ષણિક વર્તુળોમાં ચર્ચા છે કે જ્યારે સમગ્ર હોસ્પિટલનો ખર્ચ સુરત મહાનગરપાલિકા ઉઠાવે છે અને સંસ્થા સુરતીઓના ટેક્સથી સંચાલિત થાય છે, ત્યારે લોકલ વિદ્યાર્થીઓને વધતી સીટો પ્રમાણે અનુપાતમાં હિસ્સો કેમ ન મળે? આ મુદ્દે આજ સુધી કોઈ સત્તાવાર રીતે અવાજ ઉઠાવવામાં આવ્યો નથી, જેને લઈને પણ સવાલો ઊભા થઈ રહ્યા છે.

### લોકલ વિદ્યાર્થીઓના હકમાં નીતિગત ફેરફારની જરૂર

સીટોમાં વધારો છતાં સુરતના વિદ્યાર્થીઓનો હિસ્સો સ્થિર રહેતા આ મુદ્દે ફરી ચર્ચા જોર પકડી રહી છે. હવે જોવાનું એ રહ્યું કે સુરત મહાનગરપાલિકા અને સંબંધિત સત્તાધીશો આ મુદ્દે શું સ્પષ્ટતા કરે છે અને લોકલ વિદ્યાર્થીઓને યોગ્ય હક મળે તે માટે કોઈ નીતિગત ફેરફાર કરવામાં આવે છે કે નહીં.

'ફીલ્ડમાં નહીં જતા અધિકારીને ઘરે બેસાડો' મુખ્યમંત્રીના આદેશનો અમલ શરૂ

# કમિશનર પહોંચી ગયા છતાં સ્થળ પર ગેરહાજર અધિકારી સસ્પેન્ડ

**સફાઇ** ઝુંબેશમાં બેદરકારી દેખાતા લેટ લતીફ નાયબ આરોગ્ય અધિકારી ડો. અજીત ભટ્ટને નાગરાજને દિવસે તારા બતાવી દીધા

### માત્ર કાગળ પર નહીં, શહેરીજનોને સ્વચ્છતાનો અનુભવ થવો જોઇએ : એમ.નાગરાજન

મનપા કમિશનર એમ.નાગરાજને આજે સફાઇમાં બેદરકારી બદલ સેન્ટ્રલ ઝોનના નાયબ આરોગ્ય અધિકારી એ.પી.ભટ્ટને સસ્પેન્ડ કરવા સાથે આરોગ્ય વિભાગને સંકેત આપ્યા છે કે, સ્વચ્છતા માત્ર કાગળ પર અને સરવેમાં માર્ક મેળવવા માટે નહીં, શહેરીજનોને શહેર ચોખ્ખું હોવાની પ્રતિતિ થાય તેવી રીતે થવી જોઇએ. હવે બેદરકારી દાખવનારા અધિકારીઓને ફીલ્ડમાં ઉતરવું ફરજિયાત રહેશે.

સુરત: સુરત મહાનગરપાલિકાના વહીવટી તંત્રમાં ફરજ પ્રત્યે બેદરકારી દાખવનારા અધિકારીઓ સામે નવનિયુક્ત મનપા કમિશનર એમ નાગરાજને લાલ આંખ કરી છે. ખાસ કરીને એમ. નાગરાજને સ્વચ્છતામાં કોઇ પણ બાંધછોડ નહીં ચલાવી લેવાય તેવા સંકેત આપવા શહેરમાં ચાલી રહેલી સ્વચ્છતા અભિયાન-2026 જેવી મહત્વકાંક્ષી યોજનામાં ગંભીર નિષ્કાળજી દાખવવા બદલ સેન્ટ્રલ ઝોનના નાયબ આરોગ્ય અધિકારી ડો.અજીતકુમાર પ્રવિણચંદ્ર ભટ્ટને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દીધા હતા ઉપરાંત ઝોનના વડા એડીશનલ સિટી ઇજનેરને સુપરવિઝનમાં ખામી બદલ શો-કોઝ નોટિસ પાઠવવામાં આવી છે.

વિસ્તૃત વિગતો મુજબ શહેરમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત 2થી 28 ફેબ્રુઆરી દરમિયાન વિવિધ વિસ્તારોમાં વિવિધ થીમ અંતર્ગત સફાઈનું આયોજન કરાયું છે. જે અંતર્ગત 16મીએ ભાગળ વિસ્તારમાં માર્કેટ અને તેની આજુબાજુના વિસ્તારની સફાઈની થીમ હેઠળ કામગીરી નક્કી કરવામાં આવી હતી. સેન્ટ્રલ ઝોનના ભાગળ વેજીટેબલ માર્કેટ જેવા વિસ્તારમાં સવારે 8 વાગ્યે મનપા કમિશનર

...અનુસંધાન પાના ૧૩ પર





પહેલા હાથ જોડાવ્યા



હવે હાથ જોડ્યા



ઢોલ વાગ્યા



ફટાકડા ફૂટ્યા

લોકોએ ટપલીદાવ કર્યો, ચપ્પલ ફેંક્યાં, કપડા ફાડ્યાં

# ચિરાગ ગોટીની હાલત પોલીસે સુકાયેલા ગલગોટા જેવી કરી દીધી

**આખા** વિસ્તારના લોકો ગોટીના વરઘોડામાં જોડાયા, હાથમાં બેનર સાથે સૂત્રોચ્ચાર

**પોલીસના** બંદોબસ્ત વચ્ચે પણ લોકોએ ગોટીને ધક્કે ચઢાવ્યો

**ટોર્ચર** હાઉસ સમા ગોટીના ઘર સામે ફટાકડા ફોડ્યા

સુરતઃ ભાગીદારને ડ્રગ્સ કેસમાં ફસાવવાનું ષડયંત્ર રચનાર અને નિર્દોષોને 'તાલિબાની' સજા આપી ટોર્ચર કરનાર નામચીન ચિરાગ ગોટીની શાન આજે સુરતીઓએ ઠેકાણે લાવી દીધી છે. પોલીસ જ્યારે તેને રિકન્સ્ટ્રકશન માટે ઘટનાસ્થળે લઈ ગઈ, ત્યારે કાયદાના રક્ષણ વચ્ચે પણ પ્રજાનો આક્રોશ ફાટી નીકળ્યો હતો. ઉશ્કેરાયેલા લોકોએ ગોટી પર ચપ્પલ ફેંક્યા હતા અને ધક્કા-મુક્કીમાં તેના કપડાં પણ ફાટી ગયા

...અનુસંધાન પાના ૧૩ પર

### ચિરાગની નાટકબાજી જોઈ ઉશ્કેરાયેલા લોકોએ ટપલી દાવ કરી કપડાં ફાડી નાંખ્યાં

પોલીસની પ્રત્યક્ષ હાજરી હોવા છતાં ભીડ બેકાબૂ બની હતી. ચિરાગ ગોટી પર થયેલા આ હુમલામાં લોકોએ ઉશ્કેરાઈને જાહેરમાં 'ટપલી દાવ' કર્યો હતો. જે કાયદો અને વ્યવસ્થાની

...અનુસંધાન પાના ૧૩ પર

### ચિરાગ ગોટીના ઘર બહાર ફટાકડા ફોડી ઢોલક વગાડી ઉત્સવ મનાવ્યો હતો

વર્ષો સુધી જેના ડર નીચે લોકો જીવતા હતા તે જ લોકોએ આજે ચિરાગ ગોટીના ઘરની બહાર ફટાકડા ફોડી ઢોલક વગાડી ઉત્સવ માનવ્યો હતો અને નરાધમને ફાંસી આપોના બેનર સાથે ઢોલ નગરા વગાડીને વિરોધ પ્રદર્શન કર્યું હતું. લોકોએ ચિરાગ ગોટી

...અનુસંધાન પાના ૧૩ પર

ગયા વર્ષે 40 સ્ટોલ હતા તે સીધા આ વર્ષે 80 થઇ ગયા

# સ્વાદપ્રિય સુરતીઓ માટે દાંડીમાં ત્રિદિવસિય સી ફૂડ ફેસ્ટિવલ

**20થી** 22 ફેબ્રુઆરી સુધી પાતરાં પાપલેટ, પાતરાં તંદુરી, લેવટીની મજા માણી શકાશે

સુરતઃ ગુજરાતભરના કોસ્ટેલ બેલ્ટમાં બહુ વખણાયેલા સુરતના સી ફૂડ ફેસ્ટિવલની પાછલા વરસની સફળતા બાદ આગામી 20મી ફેબુઆરીથી ફરી દાંડી ખાતે ત્રિ-દિવસીય સી ફૂડ ફેસ્ટિવલનો ધમાકેદાર આરંભ થશે.

સુંવાલી બીચ ખાતે ગયા વરસે યોજાયેલા સી ફૂડ ફેસ્ટિવલને ગુજરાત

...અનુસંધાન પાના ૧૩ પર

### કોરોના પહેલા સરસાણા કન્વેશન સેન્ટરમાં સી ફૂડ યોજાયો હતો

બિપીન ભંડારીએ જણાવ્યું હતું કે સી ફૂડ ફેસ્ટિવલ કોરોનાની મહામારી પહેલા કન્વેશન સેન્ટર ખાતે યોજાયો હતો. તે પછી લાંબા અંતરાલ બાદ ગયા વરસે સુંવાલીમાં યોજાયો હતો. ગયા વરસે જે સફળતા મળી તે જોઇ આ વરસે પણ ગયા વરસ કરતા વધુ તામજામ સાથે આ ફેસ્ટિવલ યોજાશે.

### લોબસ્ટર, ક્રેબ, બોમ્બડક સહિત ટાઇગર પ્રોન્સની વેરાયટીઝ જોવા મળશે

દાંડી ખાતે યોજાનારા સી ફૂડ ફેસ્ટિવલમાં આ વખતે લોબસ્ટર, ક્રેબ, બોમ્બે ડક સહિત ટાઇગર પ્રોન્સની વેરાયટી પીરસવામાં આવશે. આ ઉપરાંત સુરતની જાણીતી સી ફૂડ આઇટમ્સની વાત કરીએ તો પાતરા પાપલેટ, પાતરા તંદુરી, લેવટી સહિતની વાનગીઓ પણ સુરતીઓના જીભના ચટાકામાં તડકો લગાવશે.

# અલથાણ, વેસુ અને ડુમસમાં 19મીએ પાણીકાપ

**જળ** વિતરણ મથકની મુખ્ય રાઈઝિંગ લાઈનમાં વાલ્વ બદલવાની કામગીરીને પગલે પાણી પુરવઠો બંધ રહેશે

સુરતઃ સુરત મહાનગરપાલિકા દ્વારા સરથાણાથી ખટોદરા થઈ અલથાણ, વેસુ અને ડુમસ જળ વિતરણ મથકની મુખ્ય રાઈઝીંગ

...અનુસંધાન પાના ૧૩ પર

### ક્યા ક્યા વિસ્તારોમાં પાણી પુરવઠો બંધ રહેશે?

વેસુ વિસ્તારમાં વેસુ ગામતળ, સોમેશ્વરા ચોકડી, સુડાભવન, જી.ડી. ગોએન્કા કેનાલ રોડ, રત્નરાજ, હેગડેવાર, રોયલ પેરાડાઈઝ, સુર્યા હેરીટેજ, ઈકો ગાર્ડન, સુમન શૈલ, સુમન સાગર અને તેની આજુબાજુનો વિસ્તાર, મગદલ્લા અને રૂંઢમાં હાઈ ટેક

...અનુસંધાન પાના ૧૩ પર


બીજી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



આપની હસતી મુખ મુદ્રા હંમેશા યાદ રહેશે.
આપના ઉચ્ચ આદર્શ સદા સુવાસીત રહેશે.
અમર આપની મધુર સ્મૃતિઓ રહેશે,
ને પ્રેરણારૂપ આપની સરવાણી રહેશે.
અશ્રુભીની આંખે આપને અંતરથી શ્રદ્ધાંજલિ આપીએ છીએ

સ્વ. નમીબેન રમેશભાઈ પટેલ
જન્મ તા. ૦૧.૦૧.૧૯૪૮
સ્વ. તા. ૧૭.૦૨.૨૦૨૪

લિ. રમેશભાઈ શાંતિલાલ પટેલ (પતિ)
કિશનભાઈ રમેશભાઈ પટેલ | સંગીતાબેન કિશનભાઈ પટેલ
સંજયભાઈ રમેશભાઈ પટેલ | અલ્પાબેન સંજયભાઈ પટેલ
હર્ષદભાઈ ધીરૂભાઈ પટેલ | રેખાબેન હર્ષદભાઈ પટેલ
રિપલ, ચિરાગ, જુગલ, સીરીના, શિખા, મિલી, દેવેન,
ધ્યાના, હિના, રીચા, મયંક તથા સમસ્ત ઘંટીવાલા પરિવાર
નિવાસ સ્થાન : પાદર સ્ટ્રીટ, મેઈનરોડ, રૂંઢ-મગદલ્લા, સુરત.



બારમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ.ભનુભાઈ બી. હીરપરા
સ્વ.તા. 17-02-2014

આત્મદીપ્ત
એક સુર્યની જેમ
નિષ્પક્ષ
એક સુર્યની જેમ
કર્તવ્યનિષ્ઠ
એક સુર્યની જેમ
અવિરલ, અજ્ઞેય, અનંત
આપ, આપના આદર્શોથી કરી
રહ્યા છો પથ પ્રદર્શિત

નવસારીની જનતાને ઘરઆંગણે આરોગ્યલક્ષી સેવાઓ પૂરી પાડવાનું ભગીરથ કાર્ય કરનાર ડો.ભનુભાઈ બી. હીરપરા તમે જીવો અમારા હૃદયમાં...

લિ.
મહેશભાઈ બાબુભાઈ હીરપરા (ભાઈ)
ડો. શ્રેય ભનુભાઈ હીરપરા (પુત્ર) • નિહાર મહેશભાઈ હીરપરા (ભત્રીજો)
તથા
ઓરેંજ હોસ્પિટલ પરિવાર, સ્ટેશન રોડ, નવસારી



દ્વિતીય પુણ્યતિથીએ હાર્દિક શ્રદ્ધાંજલિ



સ્વ. રીદયકુમાર અવિનાશભાઈ પચ્ચીગર
સ્વ. તા. ૧૭.૦૨.૨૦૨૪
દ્રષ્ટિમાં રમે છે તારો હસતો ચહેરો અંતરમાં પછડાય છે તારી સ્મૃતિના
ધબકાર અસ્તિત્વનું રોમ અનુભવે છે,
તારી હયાતીનો હુંફાળો સ્પર્શ સ્મરણો રહેશે સદા ભીનાં ભીનાં પ્રસંગો રહે છે
હવે સુના સુના કારમું મૌન છે તારા વિના પ્રભુને પણ ન ગમ્યું તારા વિના
પ્રભુ તારા દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે એ જ પ્રાર્થના.
લિ.
મીનાબેન અવિનાશભાઈ પચ્ચીગર
આશાબેન રીદયકુમાર પચ્ચીગર
શલ્ય રીદયકુમાર પચ્ચીગર – ઈશિતા શલ્ય પચ્ચીગર
આસ્થા રીદયકુમાર પચ્ચીગર
મિતેશભાઈ અવિનાશભાઈ પચ્ચીગર – મમતાબેન મિતેશભાઈ પચ્ચીગર
કરન મિતેશભાઈ પચ્ચીગર – દેવી કરન પચ્ચીગર
જીયાના કરન પચ્ચીગર



ચોથી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



આપની વિદાયથી કુટુંબે શીર છત્ર ગુમાવ્યું છે,
આપના જીવનના ઉત્તમ ગુણો,
ધર્મપરાયણજીવનથી સુખને ક્યારેય છલકાવ્યુ નહીં,
દુઃખ ક્યારેય હૃદયે ધર્યુ નહીં,
સત્સંગ કરીને જીવન સદાય સમતોલ રાખ્યું,
આપનો સુસંસ્કાર વારસો અમારા માટે
જીવન યાદગાર બની રહેશે.
આપનો સ્નેહ અને હેતાળવો પ્રેમ
ક્યારેય ભુલાશે નહીં.
એવી વડતાલવાસી
શ્રી હરિકૃષ્ણ મહારાજ તથા શ્રી લક્ષ્મીનારાયણદેવનાં
ચરણોમાં પ્રાર્થના કે એવી હૃદયગત્ પ્રાર્થના.

અ.નિ.લીલાબેન બાબુભાઈ હિરપરા
(ઉ. વર્ષ : ૭૨)
ગામ : ઇંગોરાળા (જાગાણી)
અ.નિ.તા.૧૭/૦૨/૨૦૨૨

લિ. આપનો પરિવાર
નરેન્દ્રભાઈ બાબુભાઈ હિરપરા | રીટાબેન નરેન્દ્રભાઈ હિરપરા
ઘનશ્યામભાઈ વાલજીભાઈ હિરપરા | લાભુબેન ઘનશ્યામભાઈ હિરપરા
ભવાનભાઈ વાલજીભાઈ હિરપરા | રસીલાબેન ભવાનભાઈ હિરપરા
રમેશભાઈ ઘનશ્યામભાઈ હિરપરા | ગીતાબેન રમેશભાઈ હિરપરા
કનુભાઈ ઘનશ્યામભાઈ હિરપરા | ભાનુબેન કનુભાઈ હિરપરા
જગદીશભાઈ ભવાનભાઈ હિરપરા | અસ્મીતાબેન જગદીશભાઈ હિરપરા
કૌશિકભાઈ કનુભાઈ હિરપરા | ભુમિકાબેન કૌશિકભાઈ હિરપરા
પિયુષભાઈ કનુભાઈ હિરપરા | પલકબેન પિયુષભાઈ હિરપરા
મિતુલભાઈ રમેશભાઈ હિરપરા | ક્રિષ્નાબેન મિતુલભાઈ હિરપરા
દિવ્યાંગભાઈ નરેન્દ્રભાઈ હિરપરા | નિધિબેન દિવ્યાંગભાઈ હિરપરા
દર્શક નરેન્દ્રભાઈ હિરપરા | ઝીયાન જગદીશભાઈ હિરપરા
હિરલ નરેન્દ્રભાઈ હિરપરા | જાનવી જગદીશભાઈ હિરપરા
પ્રાંશ કૌશિકભાઈ હિરપરા | ઝાંયરા જગદીશભાઈ હિરપરા
કૈલાશબેન હસમુખભાઈ ખુંટ (પુત્રી) અલ્પાબેન હરેશભાઈ ઝાલાવાડીયા (પુત્રી)
હર્ષાબેન નિતિનભાઈ કાનાણી (પુત્રી)





૨૭મી પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ

સ્નેહના સાગર સમા હર કોઈને પોતાના ગણી, પોતાના પ્રેમાળ હૈયાથી ઓળખનારા, આપનો હસતો ચહેરો, પ્રેમાળ સ્વભાવ અમારા માટે પ્રેરણાદાયક રહેશે. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

સ્વ. કપીલાબેન ચંન્દ્રકાન્તભાઈ કાપડીયા
સ્વ. તા. ૧૭-૦૨-૧૯૯૯

લિ. ચંન્દ્રકાન્તભાઈ હરકીશનદાસ કાપડીયા
રાજેશકુમાર ચંન્દ્રકાન્તભાઈ કાપડીયા | ઈનાક્ષીબેન રાજેશકુમાર કાપડીયા
હરીશકુમાર ચંન્દ્રકાન્તભાઈ કાપડીયા | પીનલબેન હરીશકુમાર કાપડીયા
ચેતનકુમાર ચંન્દ્રકાન્તભાઈ કાપડીયા | રેખાબેન ચેતનકુમાર કાપડીયા
કલ્પનાબેન મહેશકુમાર ખંભાતી
તથા સમસ્ત પરિવાર



દુઃખદ અવસાન / સંયુક્ત બેસણું



દિલગીરી સહ જણાવવાનુ કે,
અમારા પરમ પૂજ્ય માતૃશ્રી
નાનીબેન મંગળભાઈ પટેલનું
તા.૧૪/૦૨/૨૦૨૬ને શનિવારના રોજ
દુઃખદ અવસાન થયેલ છે.
પ્રભુ સદ્ગતના દિવ્ય આત્માને
પરમ શાંતિ અર્પે એવી પ્રાર્થના.
સદ્ગતનું સંયુક્ત બેસણું
તા.૧૮/૦૨/૨૦૨૬ બુધવારનાં રોજ
સવારે ૧૦:૦૦ થી ૧:૦૦ કલાક
દરમ્યાન રાખેલ છે.

સ્વ. નાનીબેન મંગળભાઈ પટેલ
સ્વ. તા. ૧૪.૨.૨૦૨૬

: બેસણાનું સ્થળ :
૨૯, રવિનગર, અલથાણ,
ભરથાણા રોડ, સુરત.

તા.ક. : ફૂલહાર લાવવા નહિ, તમામ લૌકિક રિવાજ બંધ છે.
લિ. સ્વ. મંગળભાઈ નાથુભાઈ પટેલ
બકુલભાઈ (ગણપત) મંગળભાઈ પટેલ – મીનાક્ષી ગણપતભાઈ પટેલ
નટવરભાઈ મંગળભાઈ પટેલ – કિર્તી નટવરભાઈ પટેલ
મેહુલ ગણપતભાઈ પટેલ – તન્વી મેહુલભાઈ પટેલ
કશ્યપ નટવરભાઈ પટેલ
ટીના હરીશ પટેલ (પૌત્રી) ઉર્વશી મયુર પટેલ (પૌત્રી) ધરા પુજન પટેલ (પૌત્રી)
(ક્રિષ્ના, ધ્રુવમ) તથા સમસ્ત પરિવાર
પિયરપક્ષ
સ્વ. બ્રિજલભાઈ પ્રેમાભાઈ પટેલ – સ્વ. છનાભાઈ બ્રિજલભાઈ પટેલ
સ્વ. મગનભાઈ બ્રિજલભાઈ પટેલ – સ્વ. ભાણાભાઈ બ્રિજલભાઈ પટેલ
કાંતીલાલ બ્રિજલભાઈ પટેલ – ઠાકોરભાઈ બ્રિજલભાઈ પટેલ
મુ. કરાંખટ, મંદિર ફળિયું, પો. માંગરોળ, જી. નવસારી.



હરિઃ ૐ સુરતી મોઢ વણિક અવસાન હરિઃ ૐ



સ્વ. શશીકાંન્ત ચીમનલાલ લાપસીવાલા
સ્વ. તા. ૧૬/૦૨/૨૦૨૬
દિલગીરી સહ જણાવવાનું કે, અમારા પુજનીય પિતાશ્રી
શશીકાંન્ત ચીમનલાલ લાપસીવાલા તા. ૧૬/૦૨/૨૦૨૬ ના રોજ દેવલોક પામ્યા છે.
તેમનું પાથરણું : તા. ૧૭/૦૨/૨૦૨૬ ને મંગળવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાકે બદ્રિનારાયણ વાડી, (એસી હોલ) બી.એ.પી.એસ. હોસ્પીટલની બાજુમાં, અડાજણ મુકામે રાખવામાં આવેલ છે. (લૌકિક રિવાજ બંધ છે.)
લિ. ચેતનાબેન શશીકાંન્ત લાપસીવાલા
વિપુલ શશીકાંન્ત લાપસીવાલા (પુત્ર) | યેશા વિપુલ લાપસીવાલા (પુત્રવધુ)
પૂર્વીશા | દર્શીન
સ્વ. ગુરૂજી ચીમનલાલ લાપસીવાલા
ચીમનલાલ ત્રીભોવનદાસ લાપસીવાલા પરીવાર
નિવાસ સ્થાન : ડી.૧૦, બિલ્વમ અમોર, નોર્થન સ્કાય લાઈન રોડ, બાગબાન સર્કલ પાસે, ગૌરવ પંથ, પાલ, સુરત.



અવસાન, બેસણું, શ્રદ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦



મારા સ્વર્ગસ્થ મિત્રને માસિક પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



મારા પરમ સહકારી મિત્ર હું જાણું છું, કે છેલ્લા એક મહિનાથી તારો સદેહ મારી સાથે નથી. તારી ગેરહાજરીથી મારા જીવનમાં શૂન્યાવકાશ થઈ ગયો હોય એવું લાગે છે. પરંતુ તમારા આદર્શ જીવનમૂલ્યો અને સિદ્ધાંતો, સુસંસ્કારો, સામાજિક અને સહકારી ક્ષેત્રની સેવાના સુવિચારો મને જીવનમાં સાચા માર્ગ પર આગળ વધવા માટે આજે પણ પ્રેરિત કરી રહ્યા છે.
પરમ કૃપાળુ પરમાત્મા મારા મિત્રના દિવ્ય આત્માને શાશ્વત શાંતિ, સદ્ગતિ અને મોક્ષ પ્રદાન કરે એવી અંતરની અભ્યર્થના સાથે પ્રથમ માસિક પુણ્યતિથિએ અશ્રુભીની શ્રદ્ધાંજલિ પાઠવું છું.

સ્વ. ચંદ્રસિંહ ખુમાનસિંહ બાકરોલા
સ્વ. તા. ૧૭-૦૧-૨૦૨૬
કોસાડ, સુરત શહેર

લિ. તમારો શોકમગ્ન મિત્ર
બાબુભાઈ છોટુભાઈ દેસાઈ
મોટાવરાછા, નાણાંવટ ફળિયું,
સુરત. મો. : ૯૯૨૫૩ ૭૬૪૭૨





અનાવિલ અવસાન
દિલગીરી સહ જણાવવાનું કે અમારા વડીલ બા ગં.સ્વ. શારદાબેન વસંતરાય દેસાઈ (સરભોણકર) નું દુઃખદ અવસાન તા. ૧૬-૦૨-૨૦૨૬ ને સોમવારના રોજ થયેલ છે.
સદ્ગતનું સંયુક્ત બેસણું તારીખ ૨૦-૦૨-૨૦૨૬ ને શુક્રવાર ના રોજ સાંજે ૪.૦૦ થી ૬.૦૦ ક. દરમ્યાન દયાળજી આશ્રમ (ગ્રાઉન્ડ ફ્લોર) મજુરાગેટ, સુરત ખાતે રાખેલ છે.
શોકાતુર
સ્વ. વસંતરાય મોહનભાઈ દેસાઈ | સ્વ. સુધીરભાઈ ધીરજલાલ દેસાઈ
સ્વ. હેમાંશુભાઈ વસંતરાય દેસાઈ | ગં.સ્વ. ઝંખના(બકુ)બેન એચ. દેસાઈ
અનુપભાઈ બટુભાઈ દેસાઈ | સ્વ. ભાવનાબેન એ. દેસાઈ
ગિરિશચંદ્ર ધીરજલાલ દેસાઈ | ચિંતન હેમાંશુભાઈ દેસાઈ
ચાંદની ચિંતન દેસાઈ | દૃષ્ટિ વિહાર કાપડિયા

સ્વ. શારદાબેન વસંતરાય દેસાઈ
સ્વ.તા.૧૬-૦૨-૨૦૨૬





સ્મૃતિ વંદના
જીવનની ઘટમાળમાં
અંગત-અંગત સંબધો ઘણા બંધાય
ને સમયના વહેણમાં એ વિસરાતા યે જાય.
છે! સમયથી પર નાતો આપણો
કેમે કરી ન વિસરાય,
દોસ્ત રીદય.
તારી સ્મૃતિને શત શત નમન.
લિ.
ધવલ-શૈલા નાણાવટી | દીપેશ-નિલીમા ચોકસી
નૈનેશ-રીટા ચોકસી | સુધીર-મોના શાહ
'VR a Family' પરિવાર.

સ્વ.રીદય અવિનાશભાઈ પચ્ચીગર
સ્વ.તા.૧૭-૦૨-૨૪